# પાદરા પંથકમાં બે દિવસ આકાશી પર્વ ઉતરાયણની હર્ષોલ્લાસભેર ઉજવણી

**બે દિવસીય**
પતંગોત્સવમાં આકાશ રંગબેરંગી પતંગોથી છવાયું

(પ્રતિનિધિ) પાદરા તા.15

પાદરા અને વડુ પંથકમાં મકર સંક્રાંતિના મહાપર્વની નગરજનોએ બે દિવસ સુધી આનંદ, ઉત્સાહ અને ઉમંગ સાથે ધામધૂમથી ઉજવણી કરી હતી. ઉત્સવપ્રિય જનતાએ ખર્ચની પરવા કર્યા વિના પતંગ-દોરાના આકાશી ખેલની ભરપૂર મોજ માણી હતી. બે દિવસ દરમિયાન સવારથી જ અગાસીઓ અને ધાબાઓ માનવ મહેરામણથી ઉભરાઈ ગયા હતા.

પવનની સાનુકૂળતા અને 'કાપ્યો છે' ના ગુંજતા પોકારો ઉતરાયણના બંને દિવસ પવન અનુકૂળ રહેતા પતંગ રસિયાઓ માટે જલસો થઈ ગયો હતો. પતંગ રસિયાઓએ પતંગો અને વિવિધ સામગ્રીની ધૂમ ખરીદી કરી હતી. કાપ્યો છે... ના પોકારોથી સમગ્ર નગરની અગાસીઓ ગુંજી ઉઠી હતી, જ્યારે ઠેર-ઠેર ગોઠવાયેલી ડી.જે. સિસ્ટમના સંગીતે પતંગ શોખીનોની મજા બમણી કરી દીધી હતી. ઉતરાયણના બીજા દિવસે એટલે કે વાસી ઉતરાયણે પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટાભાગના વેપારીઓ ધંધા-રોજગાર બંધ રાખીને પતંગોત્સવમાં જોડાયા હતા.

રાત્રિના સમયે દિવાળી જેવો માહોલ અને ખાણી-પીણીની મોજ સાંજ પડતાની સાથે જ નગરના આકાશમાં ફટાકડા અને આતશબાજીના ધૂમધડાકા શરૂ થતા દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. દિવસ દરમિયાન અગાસીઓ પર ઊંધિયા-જલેબીની પાર્ટીઓ અને સંગીતમય મહેફિલો જામી હતી, જ્યારે રાત્રિના સમયે ખાણી-પીણીની લારીઓ અને રેસ્ટોરન્ટોમાં ભારે ભીડ જોવા મળી હતી. કેટલાક સ્થળોએ રાત્રે રાસ-ગરબા અને ડિસ્કોની મજા પણ માણવામાં આવી હતી.

દાન-પુણ્યનો મહિમા અને પોલીસ બંદોબસ્ત ઉતરાયણના પવિત્ર પર્વે દાન-પુણ્યનું પણ વિશેષ મહત્વ જોવા મળ્યું હતું. લોકોએ ગાયોને ઘાસચારો અને ઘૂઘરી ખવડાવી હતી, તેમજ ગરીબોને કપડાં-વસ્ત્રોનું દાન કરીને પુણ્યલાભ મેળવ્યો હતો. સમગ્ર ઉજવણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પાદરા પોલીસ દ્વારા તાલુકાભરમાં સઘન બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સંખેડામાં દાન-પુણ્ય સાથે મકરસંક્રાંતિની ઉત્સાહભેર ઉજવણી, ધાબા ગુંજી ઉઠ્યા



સંખેડામાં ઉત્તરાયણ દરમિયાન રંગબેરંગી પતંગોથી કલરફૂલ બન્યું હતું, ત્યારે સમી સાંજે ગુજરાતીઓએ ફટાકડા ફોડી દિવાળી જેવો માહોલ ઊભો કર્યો હતો અંધારું થતાની સાથે જ ભવ્ય આતાશબાજીથી આકાશ જમગમી ઉઠ્યું હતું તો બીજુ રંગીલી રાધા અને ત્રણ ત્રણ તાળી પડે ગીતો પર ગરબે ઘુમીયા હતા.

## ભારજ નદીના પટમાં ફુગ્ગો લેવા જતાં સર્જાયેલી ગોઝારી ઘટના

# છોટાઉદેપુરમાં ડૂબી જવાથી 13 વર્ષની માસૂમ બાળકીનું મોત

**રેતીની લીઝના ધારકો** અને તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ

(પ્રતિનધિ) છોટાઉદેપુર તા.15

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ગંભીરપુરા ગામની 13 વર્ષની બાળકીનું ઉતરાયણના દિવસે ભારજ નદીના પટમાં આવેલી રેતીની લીઝના ખાડામાં ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યું છે. ગત રોજ બપોરે આસપાસ જ્યારે સમગ્ર જિલ્લો તહેવારના આનંદમાં હતો, ત્યારે બનેલી આ ઘટનાથી પરિવાર અને ગ્રામજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

પાવીજેતપુર તાલુકાના ગંભીરપુરા ગામના વતની સંજયભાઈ ચીમનભાઈ રાઠવાની 13 વર્ષીય પુત્રી કોમલ નદીના પટમાં અન્ય બાળકો સાથે રમી રહી હતી. આ દરમિયાન રમતા-રમતા એક ફુગ્ગો ઉડીને લીઝના ખાડામાં પડ્યો હતો, જેને લેવા જતી વખતે કોમલ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. આ બનાવ ઘૂંટણવડ ગામની હદમાં બન્યો હતો, જે અંગે મૃતકના પિતાએ જેતપુર પોલીસ મથકે જાણ કરી હતી.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જિલ્લાની નદીઓમાં બેફામ રેતી ખનન થઈ રહ્યું છે અને અગાઉ પણ અનેક લોકો આવા ખાડાઓમાં ડૂબી જવાથી જીવ ગુમાવી ચૂક્યા છે. નિયમ મુજબ લીઝ ધારકોએ રેતીના ખાડાની આસપાસ પ્રોટેક્શનની વાડ કે સુરક્ષાની વ્યવસ્થા કરવી અનિવાર્ય હોય છે, પરંતુ તંત્રના પાંગળા વહીવટને કારણે આવી કોઈ તકેદારી રાખવામાં આવતી નથી. લીઝ ધારકો અને ગેરકાયદે ખનન કરનારાઓની આ બેદરકારીને કારણે માસૂમ બાળકોનો ભોગ લેવાઈ રહ્યો હોવાથી પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# મંજુસર GIDCની કંપનીમાં બ્લાસ્ટ થતાં શ્રમિકનું મોત

**ફોર્જીંગ વિભાગમાં**
મેન્ટેનન્સ દરમિયાન દુર્ઘટના ઘટી

(પ્રતિનિધિ) સાવલી તા.15

સાવલી તાલુકાના મંજુસર GIDCમાં આવેલી એવી (AV) સ્ટીલ કંપનીમાં મેન્ટેનન્સની કામગીરી દરમિયાન અચાનક થયેલા ભીષણ બ્લાસ્ટમાં એક શ્રમિકનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. કંપનીના ફોર્જીંગ વિભાગમાં કામ કરતી વખતે બ્લાસ્ટ થતા શ્રમિક ગંભીર રીતે દાઝી ગયો હતો, જેનું વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે.

મળતી માહિતી અનુસાર, મંજુસર GIDCમાં આવેલી એવી સ્ટીલ કંપનીમાં મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ ત્યાં જ રહેતા રાજા સિંહ ચતુરસિંહ ખંગાર ફોર્જીંગ ડિપાર્ટમેન્ટમાં મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક બ્લાસ્ટ થતા રાજા સિંહ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકની પત્ની સુનિતાદેવીએ નોંધાવેલી ફરિયાદના આધારે મંજુસર પોલીસે હાલ કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

## સાંગાડોલ અને નરસિંહપુરામાં પશુઓના શિકારથી ખેડૂતોમાં ફફડાટ

# વાઘોડિયા પંથકમાં દીપડાનો આતંક એક જ રાતમાં 3 પશુનું મારણ કર્યું

**દીપડાને પાંજરે**
પૂરવા વન વિભાગને રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.15

પંચમહાલની સરહદને અડીને આવેલા વાઘોડિયા તાલુકાના જંગલ અને દેવકાંઠા વિસ્તારમાં દીપડાના વધતા જતાં હુમલાઓએ પશુપાલકો અને ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે,. ગત મોડી રાત્રે દીપડાએ સાંગાડોલ અને નરસિંહપુરા ગામમાં ત્રાટકીને એક જ રાતમાં ત્રણ પશુઓનું મારણ કર્યું છે,. આ ઘટનાને પગલે વન વિભાગે



ઘટનાસ્થળે પહોંચી પંચકયાસની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાંગાડોલ વસવેલ રોડ પર આવેલા ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈના તબેલાની દીવાલ કૂદીને દીપડાએ વહેલી સવારે એક વાછરડીનો શિકાર કર્યો હતો. બીજી તરફ, નરસિંહપુરા ગામે મોડી રાત્રે છત્રસિંહ કાભયભાઈના પાંચ વર્ષના બે વાછરડાઓનું મારણ થયું છે. વન વિભાગને પશુઓના મારણની આસપાસથી દીપડાના પંજાના નિશાન પણ મળી આવ્યા છે.

પંચમહાલના ડુંગરાળ વિસ્તારોમાંથી દીપડાઓ વાઘોડિયાના દેવકાંઠા વિસ્તારમાં પ્રવેશી રહ્યા હોવાનું માનવામાં આવે છે. ગામમાં જગ્યાના અભાવે પશુપાલકો મજબૂરીવશ ખેતરોમાં તબેલા બનાવી પશુઓ રાખે છે, જે દીપડા માટે આસાન શિકાર બની રહ્યા છે. દીપડાના સતત વધતા આતંકને કારણે હવે ખેડૂતો અને પશુપાલકો એકલા જવાના બદલે ટોળું બનાવી સમૂહમાં બહાર નીકળી રહ્યા છે.

# વાઘોડિયા : વીજ લાઈનનો સંપર્ક થતા યુવકનું મોત

**પવલેપુરની અક્ષર**
યુગ સોસાયટીમાં ઉત્તરાયણનો ઉત્સવ માતમમાં ફેરવાયો

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.15

વાઘોડિયા તાલુકાના પવલેપુર ગામમાં પતંગની દોરી પકડવા જતાં એક 34 વર્ષીય યુવાન હાઈટેન્શન લાઈનની ઝપેટમાં આવી જતા વીજ કરંટ લાગવાને કારણે મોત નીપજ્યું હતું.

વાઘોડિયા તાલુકાના પવલેપુર ગામમાં રહેતા શંકર રાઠવા (ઉ.વ.34) વડોદરાની સયાજી હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ઈન્દુમતી ઠાકોરભાઈ પટેલ ટ્રસ્ટમાં ફરજ બજાવતા હતા. ઉત્તરાયણના દિવસે તેઓ પોતાના પરિવાર સાથે ઘરના ધાબા પર પતંગની મજા માણી રહ્યા હતા. તે દરમિયાન ધાબા પરથી એક કપાયેલી પતંગ પસાર થઈ રહી હતી, જેને પકડવા માટે શંકરભાઈએ હાથ લંબાવ્યો હતો. પતંગ પકડવાના આ પ્રયાસમાં તેમનો હાથ ધાબા પાસેથી પસાર થતી હાઈટેન્શન લાઈનને અડી ગયો હતો. આ સમયે વીજ કરંટ એટલો જોરદાર ઝટકો લાગ્યો હતો કે શંકરભાઈ ધાબા પર જ ઢળી પડ્યા હતા. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. પર્વના દિવસે બનેલી આ ઘટનાથી પવલેપુર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

## ગતિવિધિ

### ડભોઇમાં સુખિયા પીરનો ઉર્ષ ઉજવાયો




**ડભોઇ |** ડભોઇ સ્થિત સુખિયા પીર બાવા ની દરગાહ ખાતે પરંપરાગત રીતે ઉર્ષ મુબારકની ધાર્મિક શ્રદ્ધા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સોનેશ્વર પાર્કથી નીકળેલ સંદલ શરીફના જુલુસમાં મોટી સંખ્યામાં અકીદતમંદોએ જોડાઈને પીર બાવાને ચાદર ચઢાવી અકીદત વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિવિધ વિસ્તારોમાંથી આવેલા શ્રદ્ધાળુઓએ સુખિયા પીરના ચરણોમાં શીશ ઝુકાવી વિશ્વમાં સુખ-શાંતિ માટે દુઆ-એ-ખેર કરી હતી. દરગાહ કમિટીના સુચારૂ આયોજન હેઠળ સમગ્ર કાર્યક્રમ અત્યંત શાંતિપૂર્ણ અને સુહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### શિક્ષકો માટે જિલ્લા કક્ષાની તાલીમ યોજાઇ



**પાદરા |** વડોદરાના ડાયટ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ PM SHRI-GUJARAT શાળા યોજના અને NEP-2020 અંગે શિક્ષકો માટે વિશેષ તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં 126 શિક્ષકોને સમગ્ર શિક્ષાના વિવિધ પ્રકલ્પો અને જીવન કૌશલ્ય શિક્ષણ વિશે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસના આદેશથી આયોજિત આ કાર્યક્રમનું સફળ સંચાલન ADPC રાકેશ સુથાર અને BRC કો-ઓર્ડીનેટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનું સુચારુ અમલીકરણ અને શિક્ષકોને નવીન યોજનાઓથી સજ્જ કરવાનો છે.

### વડોદરામાંભોજનપીરસાયું-જીવદયાનાકાર્યો



**પાદરા |** સેવા પરમો ધર્મના ભાવ સાથે મકરસંક્રાંતિ નિમિત્તે શ્રી મહાકાલ સેના સેવા ટ્રસ્ટ દ્વારા વડોદરાના ગોરવા અને અકોટાના જરૂરિયાતમંદોને સાત્વિક ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ અલ્પેશસિંહ ગોહિલ અને સ્વયંસેવકો દ્વારા ગોત્રી વિસ્તારમાં ગાયોને ઘાસચારો અર્પણ કરી દાન-પુણ્યનું કાર્ય કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિનો મુખ્ય હેતુ માનવસેવા અને જીવદયા દ્વારા સમાજમાં માનવતા અને કરુણાનો સંદેશ ફેલાવવાનો રહ્યો છે. ૪. સ્વયંસેવકોના ઉત્સાહભર્યા સહયોગથી સંપન્ન થયેલા આ કાર્યની સમાજના વિવિધ વર્ગો દ્વારા વ્યાપક સરાહના કરવામાં આવી છે.

# હરિહર આશ્રમમાં મકરસંક્રાંતિની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઇ

**મહંત વિજયજી**
મહારાજના સાનિધ્યમાં ગૌ-પૂજન અને દાન-પુણ્યનો મહિમા સમજાવવામાં આવ્યો

(પ્રતિનિધિ) ડભોઇ તા.15

ડભોઈના નાંદોદી ભાગોળ ખાતે આવેલા હરિહર આશ્રમમાં મકરસંક્રાંતિના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. મહંત શ્રી વિજયજી મહારાજના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય શૈલેષ મેહતાએ સહપરિવાર ગૌસેવા કરી આધ્યાત્મિક ધન્યતા અનુભવી હતી.

મકરસંક્રાંતિના શુભ અવસરે ધારાસભ્ય શૈલેષ મેહતા તથા મીનાબેન મેહતાએ ગૌમાતાને



ઘાસચારો તથા ગોળ ખવડાવી સેવા પૂજા કરી હતી. આ પ્રસંગે ડભોઇ નગરપાલિકા પ્રમુખ બીરેન શાહ, શહેર મહામંત્રી હિરેન શાહ, સીનીયર અગ્રણી વી.જે. શાહ, સોનલબેન સોલંકી અને માજી પ્રમુખ સંદીપ શાહ સહિત અનેક ભક્તો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પર્વનું ધાર્મિક મહત્વ સમજાવતા મહંત વિજયજી મહારાજે જણાવ્યું હતું કે, સૂર્યના ઉત્તરાયણનો આ પ્રારંભ દાન, પુણ્ય અને ગૌસેવા જેવા સત્કાર્યો માટે વિશેષ ફળદાયી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ગૌમાતાની સેવા કરવાથી માનવજીવનમાં સકારાત્મક ઉર્જા અને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત થાય છે. આ ઉજવણી દ્વારા સમાજમાં સેવાભાવ અને ભારતીય સંસ્કારના મૂલ્યોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## કરનાડીના કુબેર ભંડારી ખાતે ભક્તોનું મહેરામણ ઉમટ્યું



ડભોઇ તાલુકાના કરનાડી સ્થિત પવિત્ર યાત્રાધામ શ્રી કુબેર ભંડારી ખાતે 19 વર્ષ બાદ ષટતિલા એકાદશી અને મકરસંક્રાંતિ એક જ દિવસે આવતા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા અને મીનાબેન મહેતાએ કુબેર ભંડારી દાદાની વિધિવત પૂજા-અર્ચના કરી રાજ્ય અને દેશના નાગરિકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ દુર્લભ સંયોગને પગલે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. મંદિર પરિસરમાં વૈદિક મંત્રોચ્ચાર, વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો અને ભજન-કીર્તન દ્વારા ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું, જેમાં ભક્તોએ દર્શન અને દાન-ધર્મનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# સંખેડા પોલીસે વીજ વાયર ચોરીમાં 5 શખસની ધરપકડ

**વાલપુર-ઈન્દ્રલ વચ્ચે**
MGVCLની લાઇનમાંથી રૂ. 1.97 લાખના વાયરની ચોરી થઇ હતી

(પ્રતિનિધિ) સંખેડા તા.15

સંખેડા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વધતી જતી તસ્કરીની ઘટનાઓ વચ્ચે સંખેડા પોલીસને મોટી સફળતા મળી છે. વાલપુર અને ઈન્દ્રલ ગામ વચ્ચેથી પસાર થતી MGVCLની ઘર વપરાશની લાઈનમાંથી અંદાજે 1650 મીટર વાયરની ચોરી કરનાર પાંચ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે ચોરીનો તમામ મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.

સ્રોત અનુસાર, આ ચોરી મામલે MGVCL દ્વારા સંખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ચોરાયેલા વાયરની બજાર કિંમત આશરે રૂ. 1,97,000 જેટલી થતી હતી. ઘટનાની ગંભીરતાને જોઈ સંખેડાના PI ભરતસિંહ ચૌહાણ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી, બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસે સૌપ્રથમ ચાર આરોપીઓ - ઉમેશ કુમાર નાથુભાઈ ભોઈ (સંખેડા), જગદીશભાઈ રતિલાલભાઈ તડવી (માંજરોલ), રોહિતભાઈ યોગેશભાઈ તડવી (અમલપુર) અને રાજારામ ભાઈ ટીપવાલીયા ભાઈ નાયક (વડદલી) ને પકડી પાડ્યા હતા. આ શખ્સોની પૂછપરછ દરમિયાન અન્ય એક આરોપી ઈમરાન ભાઈ સબીરભાઈ શેખ (નવાપુરા, સંખેડા)નું નામ ખુલતા પોલીસે તેની પણ ધરપકડ કરી છે.

# ડભોઈની અક્ષર કાઉન્ટીમાં તસ્કરો ફરી ત્રાટક્યાં : રોકડ-દાગીના ચોરાયાં

**એક જ સોસાયટીમાં**
15 દિવસમાં બીજી વાર ચોરી થતા રહીશો ભયભીત

(પ્રતિનિધિ) ડભોઈ તા.15

ડભોઈના વેગા ઓવરબ્રિજ પાસે આવેલી અક્ષર કાઉન્ટી સોસાયટીમાં ફરી એકવાર ઘરફોડ ચોરીની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે,. સોસાયટીમાં રહેતા મનહરભાઈ વસાવા (મકાન નંબર 141) પોતાના ઘરને તાળું મારી બહારગામ ગયા હતા, જેનો લાભ ઉઠાવી તસ્કરોએ હાથફેરો કર્યો હતો.

તસ્કરોએ ચોરી માટે અનોખી



પદ્ધતિ અપનાવી હતી. ઘરના મુખ્ય દરવાજાના તાળાને હેમખેમ રાખી, તસ્કરોએ બારીની લોખંડની ગ્રિલના ખીલા કાઢી આખી ગ્રિલ ઉખેડી નાખી હતી અને બારી વાટે ઘરમાં પ્રવેશ કર્યો હતો,. ઘરમાં સામાન ફેંદીને પલંગ નીચે મૂકેલી પેટી અને તિજોરીમાંથી ૧૦,૦૦૦ રૂપિયા રોકડા તથા ચાંદીના દાગીના (છેડા) લઈને તસ્કરો ફરાર થઈ ગયા હતા,.

નોંધનીય છે કે, આ જ સોસાયટીમાં ૧૫ દિવસની અંદર ચોરીની આ બીજી ઘટના છે. ઉપરા ઉપરી થતી ચોરીઓને પગલે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને રોષ જોવા મળી રહ્યો છે. ચોરી કરવાની પદ્ધતિ જોતા આમાં સ્થાનિક ગંજેડી કે દારૂના શોખીન તત્વો સામેલ હોવાની શંકા દ્રઢ બની છે. એવી પણ આશંકા સેવાઈ રહી છે કે તસ્કરો ફેરિયા બનીને દિવસ દરમિયાન બંધ મકાનોની રેકી કરે છે અને ત્યારબાદ રાત્રિના સમયે ચોરીને અંજામ આપે છે. હાલમાં પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.